# નિયમ સંગ્રહ -૧૨

**ફાળવેલ રકમો અને એવા કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો સહિત આર્થીક સહાય, કાર્યક્રમોની અમલ બજવણીની રીત**

**કાર્યો કરવા માટેનક્કી કરેલા ધોરણો**

**ડીઝાસ્ટર શાખા**

## ૧૫.૧ વિવિધ પ્રવૃત્તિઓ / કાર્યક્રમો હાથ ધરવા માટે વિભાગે નકકી કરેલા ધોરણોની વિગતો

કુદરતી આપત્તિઓ જેવી કે, દુષ્કાળ, ભારે વરસાદ / પુર / વાવાઝોડા, મહાવિનાશકારી ભુકંપ, ગેસ લીકેજ, માર્ગ અને રેલ્વેના અકસ્માતો, આગ, ભેખડો ધસી પડવી, કોમી તોફાનો, આંતકવાદી ગતિવિધિઓ જેવી નાની મોટી કુદરતી અને માનવસર્જીત આફતો બનતી રહે છે. આ કુદરતી અને માનવસર્જીત આપત્તિઓના સુદ્રઢ વ્યવસ્થાપન માટે મહેસુલ વિભાગ તરફથી તાત્કાલીક બચાવ અને રાહતની કામગીરી હાથ ધરવામાં આવે છે. આ માટે ગ્રામ્ય / શહેરી / તાલુકા / જિલ્લાકક્ષાએ ડીઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવામાં આવેલ છે અને વખતોવખત તેને અદ્યતન કરવામાં આવે છે.